# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 01-02-2026** **Morning : 7.10 to 7.20 AM**

**Day : Sunday** **Morning News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સંસ્કૃતિ ભુંડિયા** વાંચે છે.

---

1) **નાણામંત્રી નિર્મલા સીતારમણ આજે લોકસભામાં કેન્દ્રીય અંદાજપત્ર 2026-27 રજૂ કરશે**

2) મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સુરતમાં 342 કરોડ રૂપિયાથી વધુના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું

3) **રાજ્યકક્ષાનો 8મો 'આંતરરાષ્ટ્રીય વેટલેન્ડ' સેમિનાર-વર્કશોપ આજથી પોરબંદર ખાતે શરૂ થશે**

4) પોરબંદરમાં દેશ વિદેશના પક્ષીઓની ગણતરીનો આરંભ

5) **ભારતે ન્યૂઝીલેન્ડ સાથેની પાંચ મેચની T20 ક્રિકેટ શ્રેણી 4-1 થી જીતી**

--------------------------------------------------------------------------------

(આકાશવાણી અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયાં)

(હવે પછી આપ સાત વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....)

# NIRMALA-BUDGET

નાણામંત્રી નિર્મલા સીતારમણ આજે લોકસભામાં કેન્દ્રીય અંદાજપત્ર 2026-27 રજૂ કરશે. લોકસભામાં બજેટ રજૂ કર્યા બાદ બજેટની નકલ રાજ્યસભામાં રજૂ કરવામાં આવશે. નરેન્દ્ર મોદી સરકારના ત્રીજા કાર્યકાળમાં આ ત્રીજું અંદાજપત્ર હશે.

અંદાજપત્ર પહેલા નાણામંત્રીએ નિષ્ણાતો અને અર્થશાસ્ત્રીઓ , વેપાર સંગઠનો, શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રોના પ્રતિનિધિઓ , સૂક્ષ્મ, નાના અને મધ્યમ ઉદ્યોગો , વેપાર અને સેવા ઉદ્યોગો, નાણાકીય ક્ષેત્ર અને મૂડી બજારો સહિત અનેક હિતધારકો સાથે પરામર્શ કર્યો હતો , અને નાણામંત્રીને સૂચનોનો સંકલિત અહેવાલ રજૂ કર્યો હતો.

સાંભળીએ એક અહેવાલ....

V/C-JAYESH VEGADA

**નાણામંત્રી નિર્મલા સીતારમણ સતત 9મી વાર કેન્દ્રીય બજેટ સંસદમાં રજૂ કરશે. તેઓ પોતાના બજેટ ભાષણમાં આગામી નાણાકીય વર્ષ માટે આર્થિક વિકાસની રૂપરેખાની સાથે-સાથે સરકારની આવક અને જાવક અંગેની માહિતી આપશે. આ બજેટ તૈયાર કરતી વખતે યુવાનો સહિત સામાન્ય નાગરિકો પાસેથી અલગ-અલગ માધ્યમો દ્વારા તેમના મંતવ્યો મંગાવવામાં આવ્યા હતા. બજેટ ભાષણ પૂર્ણ થયા બાદ આ બજેટ અંગેની જરૂરી માહિતી યુનિયન બજેટ મોબાઈલ એપ અને વેબસાઇટ પરથી મેળવી શકાશે. બજેટ સત્ર 28 જાન્યુઆરીએ રાષ્ટ્રપતિના ભાષણ સાથે શરૂ થયું હતું જે 2 એપ્રિલ સુધી ચાલું રહશે.**

**આનંદ કુમારના અહેવાલ સાથે જયેશ વેગડા આકાશવાણી સમાચાર,અમદાવાદ**

. . . . . . . . . . . . .

# BUDGET

કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણ આજે લોકસભામાં કેન્દ્રીય અંદાજપત્ર 2026-27 રજૂ કરશે. ગુજરાત એક અગ્રણી ઔદ્યોગિક રાજ્ય હોવાથી આ બજેટ પાસેથી વિશેષ આશાઓ સેવી રહ્યું છે. ગુજરાતના નાના-મોટા ઉદ્યોગકારો , હીરા અને ટેક્સટાઇલ ક્ષેત્રના અગ્રણીઓ તેમજ લાખો MSME એકમો આ વખતે કરમાં રાહત અને નવી પ્રોત્સાહક નીતિઓની રાહ જોઈ રહ્યા છે.

જામનગરના વકીલ નિમિષા ત્રિવેદીએ પ્રતિક્રિયા આપી.....

**BYTE: NIMISHA BEN TRIVEDI, ADVOCATE**

દમણના અગ્રણી વિશાલ ટંડેલે પોતાની પ્રતિક્રિયા આપતા જણાવ્યું,....

**BYTE : VISHAL TANDEL ( DAMAN AGRANI )**

. . . . . . . . . . . . .

# CM SURAT

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગઈકાલે સુરત મહાનગરપાલિકાના 342 કરોડ રૂપિયાથી વધુના વિવિધ પ્રકલ્પોનાં લોકાર્પણ તથા ખાતમુહૂર્ત કર્યા. કતારગામ ખાતે યોજાયેલા કાર્યક્રમ દરમિયાન તેમણે રાજ્ય સરકારની જાહેર આવાસોના પુન:વિકાસ યોજના હેઠળ કતારગામ વિસ્તારમાં ગોટાલાવાડી ટેનામેન્ટના એક હજાર 304 પુનર્વિકાસ થયેલ આવાસોનું પણ લોકાર્પણ કર્યું. આ ઉપરાંત 70 કરોડના ખર્ચે ડભોલીમાં નવનિર્મિત અટલબિહારી બાજપાઈ ઓડિટોરિયમનું પણ લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમ દરમિયાન મુખ્યમંત્રીએ જણાવ્યું , કાપડ અને હીરા ઉદ્યોગની જેમ સુરતની નાગરિક સુવિધાઓ પણ શ્રેષ્ઠ રહે તે માટે રાજ્ય સરકાર કાર્યરત છે.

સુરત મહાનગરપાલિકાના 173.78 કરોડના કામોનું લોકાર્પણ અને 169 કરોડના વિકાસકામોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી. આર. પાટીલ , નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી , નાણાં અને શહેરી વિકાસ મંત્રી કનુ દેસાઈ ઉપસ્થિત રહ્યા.

. . . . . . . . . . . . .

# RAJKOT KHATMUHURUT

શ્રમ,રોજગાર અને ગ્રામ વિકાસ મંત્રી કુંવરજી બાવળિયાએ રાજકોટમાં 33 કરોડથી વધુના વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત કર્યું. જેમાં 32.60 કરોડના ખર્ચે 37 કિલોમીટરના ગોંડલ-આટકોટ રોડનું રીસર્ફેસીંગ અને બ્યુટીફિકેશન કામનું ખાતમુહૂર્ત તથા 80 લાખના ખર્ચે મેઘપર એપ્રોચ રોડનું ખાતમુહૂર્તનો સમાવેશ થાય છે. આ વિકાસકાર્યોના અમલીકરણથી આસપાસનાં વિસ્તારોનાં આર્થિક વિકાસને વેગ મળશે.

આ ઉપરાંત મંત્રીશ્રીએ 'મુખ્યમંત્રી શહેર સડક યોજના ' અંતર્ગત જસદણમાં ચિતલીયા રોડ વાઈડનીંગનું લોકાર્પણ અને ખાનપર રોડના રીસરફેસિંગ કામનું ખાતમુહૂર્ત પણ કર્યું. તેમણે કહ્યું કે , શહેરના રસ્તાઓ માત્ર માર્ગ નહીં , વિકાસની જીવાદોરી છે.

. . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર નું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

ગોન્ગ મ્યુઝિક

.....................................

# INTERNATIONAL WETLAND SEMINAR

**રાજ્ય કક્ષાનો 8મો 'આંતરરાષ્ટ્રીય વેટલેન્ડ ' સેમિનાર-વર્કશોપ આજે પોરબંદર ખાતે શરૂ થશે. આજે અને આવતીકાલે એમ બે દિવસ યોજાનાર આ સેમિનારનું વન અને પર્યાવરણ મંત્રી અર્જુન મોઢવાડિયા ઉદ્ઘાટન કરશે. સાંભળીએ એક અહેવાલ..**

**(વોઇસ કાસ્ટ : જયેશ પટેલ )**

**આ બે દિવસીય સેમિનાર વિશ્વ જળપ્લાવિત દિવસ-2026ની વૈશ્વિક થીમ "જળપ્લાવિત વિસ્તાર અને પરંપરાગત જ્ઞાન: સાંસ્કૃતિક વારસાનો ઉત્સવ " સાથે સંકળાયેલો છે. જેનો મુખ્ય ઉદ્દેશ જળપ્લાવિત વિસ્તાર ,તેને આનુષંગિક પરંપરાગત જ્ઞાન અને સાંસ્કૃતિક વારસા વચ્ચેના આંતરસબંધોને મજબૂત બનાવવાનો છે. પોરબંદર ખાતે યોજાનાર સેમિનારના બંને દિવસે ટેક્નિકલ કાર્યશિબિર યોજાશે. જેમાં દેશ-વિદેશના પ્રતિષ્ઠિત વૈજ્ઞાનિકો , નિષ્ણાતો, નીતિ નિર્માતાઓ અને સરકારી અધિકારીઓ જળપ્લાવિત સંરક્ષણ સંબંધિત વિજ્ઞાન અને ક્ષેત્ર આધારિત અનુભવો એકબીજા સાથે શેર કરશે.**

**જયેશ પટેલ – પ્રાદેશિક સમાચાર વિભાગ અમદાવાદ**

. . . . . . . . . . . . .

# PORBANDAR - PAKSHI GANTARI

પોરબંદરમાં ગઇકાલથી પક્ષી ગણતરીનો પ્રારંભ થયો છે. 100 થી વધુ પક્ષી ગણતરીકાર જિલ્લાના 8 જળપ્લાવિત વિસ્તારોમાં દેશી વિદેશી પક્ષીઓની ગણતરી કરી રહ્યા છે. જેમાં ગુજરાત સહિત આંધ્રપ્રદેશ ,કર્ણાટક,મહારાષ્ટ્ર અને રાજસ્થાનના પક્ષી ગણતરીકારો જોડાયા છે.

આ પક્ષીઓની ગણતરીની સંખ્યા ઈ-બર્ડ એપ્લિકેશન પર અપડેટ કરવામાં આવશે જેથી પક્ષી પ્રેમીઓ આ ગણતરી લાઈવ જોઈ શકશે.

. . . . . . . . . . . . .

# COMMONWEALTH PREPARATION

**અમદાવાદ શહેર દ્વારા આગામી રાષ્ટ્રમંડળ રમતોની તૈયારીઓની શરૂઆત કરી દેવામાં આવી છે ત્યારે રમતવીરો પ્રેક્ટિસ કરી શકે તેના માટે શહેરના વિવિધ વિસ્તારોમાં મહાનગરપાલિકા દ્વારા નવા રમતગમત સંકુલ તૈયાર કરવામાં આવી રહ્યા છે. શહેરના પૂર્વ વિસ્તારમાં વસ્ત્રાલ એસપી રિંગ રોડ પર 43 હજાર 890 ચોરસ મીટર જગ્યામાં નવું અદ્યતન રમતગમત સંકુલ બનાવવામાં આવ્યું છે. આ અંગે મહાનગરપાલિકાની સ્થાયી સમિતિના અધ્યક્ષ દેવાંગ દાણીએ વધુ માહિતી આપી.**

**BYTE: DEVANG DANI, CHAIRMAN, STANDING COMMITTEE**

. . . . . . . . . . . . .

# STATE LEVEL CHILDREN'S DRAMA COMPETITION

રાજ્યકક્ષાની બાળ નાટ્ય અને નૃત્ય નાટિકા સ્પર્ધાનો આવતીકાલે સવારે રાજકોટના હેમુ ગઢવી નાટ્યગૃહ ખાતે આરંભ થશે. બે દિવસ ચાલનારી આ રાજ્યસ્તરીય સ્પર્ધામાં રાજ્યના પ્રતિભાશાળી બાળ કલાકારો દ્વારા નાટ્ય અને નૃત્ય નાટિકાની મનોહર રજૂઆતો કરવામાં આવશે, જે બાળ સર્જનાત્મકતા, સંસ્કૃતિ અને કલાત્મક અભિવ્યક્તિ પ્રસ્તુત કરશે. ઉલ્લેખનીય છે કે આ સ્પર્ધા નિહાળવા માટે કલાપ્રેમી નાગરિકોને વિનામૂલ્યે પ્રવેશ આપવામાં આવશે.

. . . . . . . . . . . . .

# CRICKET

ભારતે પાંચ મેચની T20 ક્રિકેટ શ્રેણીની પાંચમી અને અંતિમ મેચમાં ન્યૂઝીલેન્ડને 46 રનથી હરાવીને શ્રેણી 4-1થી જીતી લીધી. ગઈકાલે રાત્રે તિરુવનંતપુરમમાં પ્રથમ બેટિંગ કરતા ભારતે નિર્ધારિત 20 ઓવરમાં પાંચ વિકેટે 271 રન બનાવ્યા ત્યારે ન્યૂઝીલેન્ડ 225 રનમાં ઓલઆઉટ થયું હતું.

ઈશાન કિશન સૌથી વધુ 103 રન અને સૂર્યકુમાર યાદવે 63 રન બનાવ્યા હતા .ભારત તરફથી અર્શદીપે પાંચ વિકેટ અને અક્ષર પટેલે ત્રણ વિકેટ લીધી.ઈશાન કિશનને પ્લેયર ઓફ ધ મેચ અને કેપ્ટન સૂર્યકુમાર યાદવને પ્લેયર ઓફ ધ સિરીઝ જાહેર કરાયા હતા.

. . . . . . . . . . . . .

# DANG – FORESTER MURDER

ડાંગ જિલ્લામાં વધઈ રેન્જ વિસ્તારના બોરીગાવઠા ગામ પાસે તસ્કરો દ્વારા વનકર્મી સનત બિરારીની હત્યા કરવામાં આવી હતી.

ડાંગ જિલ્લામાં અમારા પ્રતિનિધિ મુનિર શેખ જણાવે છે કે આ વિસ્તારમાં ફરજ બજાવતા વનકર્મી બિરારી લાકડા તસ્કરી રોકવા જતા હતા તે દરમિયાન ત્રણ જેટલા તસ્કરોએ તેમને માથા ના ભાગે લાકડાનો ફટકો મારી ભાગી ગયા હતા.અને જેમાં બિરારીનું મોત નીજ્યુ હતું આ અંગે ફરિયાદી સહ વનકર્મીએ ફરિયાદ નોંધાવી વધુ તપાસ હાથ ધરી છે.

. . . . . . . . . . . . .

# PATAN -CET EXAM

પાટણ જિલ્લામાં 87 પરીક્ષા કેન્દ્રો પર રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા આયોજિત કોમન એન્ટ્રન્સ ટેસ્ટ - સીઈટીની પરીક્ષા શાંતિપૂર્ણ માહોલમાં યોજાઇ. જેમાં 18 હજારથી વધુ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી. મુખ્યમંત્રી જ્ઞાનસેતુ મેરીટ સ્કોલરશીપ યોજના માટે યોજાયેલ આ પરીક્ષામાં કુલ 22 હજાર 440 ગુજરાતી માધ્યમના તેમજ 79 અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓ નોંધાયા હતા , જેમાંથી ગુજરાતી માધ્યમના 17 હજાર 836 અને અંગ્રેજી માધ્યમના 64 વિદ્યાર્થીઓ પરીક્ષામાં હાજર રહ્યા હતા.

. . . . . . . . . . . . .